# સા.વિજ્ઞાન



## ધોરણ-૭

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન

વર્ષ - ૨૦૨૪/૨૫

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.



## નવેમ્બર માસનું પાઠ આયોજન
## પ.આદિવાસી

**અધ્યયન નિષ્પતિ :**

7.15 આજીવિકાની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજવશે.

**શૈક્ષણિક મુદ્દા :**

-આદિવાસી (અનુસુચિત જનજાતિઓ)
-જીવનશૈલી અને સંસ્કૃતિ
-મેળાઓમાં ધબકતું જનજીવન
-જનજાતિઓમાં આલેવ સંસ્કૃતિક પરિવર્તન
-ભારતની મુખ્ય જનજાતિનાં ક્ષેત્રો
-ગોંડ અને અહોમ
-બદલાતો સમય : નવી જનજાતીઓનું માળખું

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- સંદર્ભે સાહિત્યના પુસ્તકો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આદિવાસી (અનુસુચિત જનજાતિઓ) વિષે સમજ આપીશ. આદિવાસીઓની જીવનશૈલી અને સંસ્કૃતિ તેમના વિવીધ ઉત્સવો, રૂઢી-પરંપરાઓ, ખોરાક, પહેરવેશ, બોલી, ચિત્ર-સંગીત અને નૃત્યની કલાઓની ઓળખ આપીશ. કલા કૌશલ્યથી આર્થિક આવકનું મહત્વ સમજાવીશ. હાલમાં સમયમાં સરકારની વિવિધ યોજનાઓ, શિક્ષણનો વ્યાપ, તકનીકી વિકાસની ચર્ચા કરીશ. ભારતમાં અને ગુજરાતમાં થતા મેળાઓના વિડીયો અને ચિત્રો બતાવી ચર્ચા કરીશ. પછી ડાંગ દરબાર વિષે બાળકોને સમજ આપીશ. ગોંડ અને અહોમ જાતિનાં લોકોની માહિતી આપી ચર્ચા કરીશ. બદલાતા સમય ૧૯મી અને 17મી સદી નવી જનજાતીઓનું માળખું સમજાવી માહિતી આપીશ.

**પ્રવુત્તિ :**

-આદિવાસી સમુહોની જાણકારી મેળવવી.
-આદિવાસીઓના રીતિરીવાજો, મેળાઓ, નૃત્યો, વાદ્યો, પહેરવેશ, ખોરાક અને વ્યવસાય અંગેનો સચિત્ર અહેવાલ તૈયાર કરવો.

**મૂલ્યાંકન**

- સ્વાદ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## ૧૭. જાતિગત ભિન્નતા

**અધ્યયન નિષ્પતિ :**

SS 7.28 સમાજના જુદા-જુદા વિભાગોની મહિલાઓ દ્વારા સામનો કરેલા અત્યાચારનાં કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે.

SS 7.29 ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની સિદ્ધિઓ જાણે છે.

SS 7.30 યોગ્ય ઉદાહરણો સાથે વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગદાન દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સમાજમાં પ્રવર્તતા ભેદભાવ તથા તેની
- ભારતીય માન્યતા પ્રમાણે છોકરાં-છોકરીઓનો ઉછેર
- રૂઢિગત માન્યતા
-ઘરકામમાં અસમાનતા
- ગૃહિણીઓનું મૂલ્ય અને જીવન

- નારી સશક્તિકરણ
- વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ જન્મ પ્રમાણ
- મહિલા-આંદોલનો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- સંદર્ભે સાહિત્યના પુસ્તકો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સમાજમાં પ્રવર્તતા ભેદભાવ વિશે તથા તેની અસરો વિશે જણાવીશ. ભારતીય માન્યતા પ્રમાણે છોકરાં-છોકરીઓનો ઉછેર કેવી રીતે થાય છે તે અંગે ચર્ચા કરીશ. રૂઢિગત માન્યતા કઈ કઈ જોવા મળે છે તે જણાવી ચર્ચા કરીશ. ઘરકામમાં કન્યા અને કુમારો વચ્ચે જોવા મળતી અસામનતા વિશે જણાવી ચર્ચા કરીશ. ગૃહિણીનું મૂલ્ય અને જીવન વિશે માહિતી આપીશ. ચર્ચા કરીશ. નારી સશક્તિકરણ વિશે સમજાવીશ. તેના માટે ચાલતી યોજનાઓ બતાવીશ. વિવિધ ક્ષેત્રોમાં મહિલઓના યોગદાન વિશે જણાવીશ. જન્મપ્રમાણ વિશે જણાવીશ. મહિલા આંદોલનો જણાવીશ. ચર્ચા-પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.

**પ્રવૃત્તિ :**

-છોકરાઓ જ કામ કરતા હોય તથા છોકરીઓ જ કામ કરતી હોય તેવી બાબતો ની ઘરેથી નોંધ કરી લાવવી

-તમારા ગામમાં પુરૂષ અને સ્ત્રીનું પ્રમાણ કેટલું છે? તે ગામમાં જન્મ મરણ રજીસ્ટરના આધારે શોધો.

**મૂલ્યાંકન**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૬. વિચારતી અને વિમુક્ત જાતિઓ

**અધ્યયન નિષ્પતિ :**

7.15 આજીવિકાની રીતો અને વિસ્તારની ભૌગોલિક સ્થિતિ વચ્ચેના સંબંધને સમજાવશે.

**શૈક્ષણિક મુદ્દા :**

- જનજાતિઓ અને વિચરતી જાતિઓ
- વનવાસી અને વિચરતી જાતિના લોકો

-ભારતની મુખ્ય જનજાતિના ક્ષેત્રો

-વિચરતી અને વિમુક્ત જાતિ

-વણઝારા : ભારત અને ગુજરાતના સંદર્ભમાં જાતિઓની સંસ્કૃતિ

-જનજાતિ અને વિચરતી જનજાતિઓમાં આવેલ

-સાંસ્કૃતિક પરિવર્તન વનવાસી અને વિચરતી જાતિની ઉપલબ્ધિઓ

-ગોંડ જનજાતિ

-અહોમ જનજાતિ

-બદલાતો સમય : નવી જનજાતિનું માળખું

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

-સંદર્ભે સાહિત્યના પુસ્તકો

-ચાર્ટસ

-ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને જનજાતિઓ અને વિચરતી જાતિઓ વિશે માહિતી આપીશ. વનવાસી અને વિચરતી જાતિના લોકો વિશે જણાવીશ. ચર્ચા કરીશ ભારતની મુખ્ય જનજાતિના ક્ષેત્રો વિશે જણાવીશ. વિસ્તૃત માહિતી આપીશ.

વિચરતી અને વિમુક્ત જાતિના લોકો વિશે માહિતી આપીશ. ચર્ચા-પ્રશ્નોત્તરી કરીશ. વણઝારાની જાતિ ભારત અને ગુજરાતમાં કેવી રીતે ઉપયોગમાં આવતા તે જણાવીશ. જનજાતિઓ અને વિચરતા જાતિઓની સંસ્કૃતિ વિશે માહિતી આપીશ. જનજાતિઓ માં આવેલ સંસ્કૃતિક પરિવર્તન વિશે ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. વનવાસી અને વિચરતી જાતિની ઉપલબ્ધીઓમાં ગોંડ અને અહોમ પ્રજા વિશે વિસ્તૃત માહિતી આપીશ. તેમની રહેણી-કરણી રાજ્ય વ્યવસ્થા, કાર્ય શૈલી વિશે માહિતી આપીશ. બદલાતા સમયમાં નવી જનજાતિઓના માળખા વિશે સમજાવીશ. ચર્ચા કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરની ચર્ચા કરીશ.

**પ્રવૃત્તિ :**

-નકશામાં આ પ્રકરણમાં દર્શાવેલ જનજાતિઓનું સ્થાન દર્શાવો.

–વિચરતી જાતિના પશુપાલકો વિશે માહિતી તૈયાર કરો.

**મૂલ્યાંકન :**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૧૩. આપત્તિ અને વ્યવસ્થાપન

**અધ્યયન નિષ્પત્તિ :**

SS 7.3 ભૂકંપ, પુર, દુષ્કાળ વગેરે જેવી આપત્તિમાં લેવાનાં સાવચેતીનાં પગલાં સમજાવે છે.

SS 7.9 દુર્ઘટના તેમજ આપત્તિઓ માટેના પરિબળો વિશે પ્રતિભાવ આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-આપત્તિ એટલે શું તથા તેના પ્રકાર

-માનવ સર્જિત આપત્તિઓ

-કુદરતી આપત્તિઓ

-ભૂકંપ

-વાવાઝોડું

-વાવાઝોડા સમયે રાખવાની સાવચેતી

-ત્સુનામી

-ત્સુનામી સમયે રાખવાની સાવચેતી

-પૂર સમયે રાખવાની સાવચેતી

-દુષ્કાળ

-દુષ્કાળ સમયે લેવાનાં પગલાં

-આપત્તિની અસરો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- વિવિધ પ્રકારની આપત્તિઓ ના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને આપત્તિ વિશે સમજ આપી કુદરતી આપત્તિઓ અને માનવ સર્જિત આપત્તિઓ વિશે જણાવીશ. ભૂકંપ વિશેનો ખ્યાલ આપીશ. ભૂકંપ સમયે રાખવાની સાવચેતીઓ જણાવીશ. વાવાઝોડા વિશેનો ખ્યાલ આપીશ. વાવાઝોડા સમયે રાખવાની તકેદારી જણાવીશ. ચર્ચા કરીશ. ત્સુનામી વિશે જાણકારી આપીશ. ત્સુનામી સમયે રાખવાની સાવચેતીઓ વિશે માહિતી આપીશ. પૂર વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરીશ. પૂર સમયે રાખવાની સાવચેતીઓ જણાવીશ. ચર્ચા કરીશ. દુષ્કાળ વિશે વિસ્તૃત જાણકારી આપીશ. દુષ્કાળ સમયે લેવાના પગલાં વિશે જણાવીશ. ચર્ચા કરીશ. આપત્તિઓની અસરો જણાવીશ ચર્ચા

કરીશ. ભીડ વિશે માહિતી આપીશ. સ્વાધ્યાયના પ્રશ્નોનોના ઉત્તરોની ચર્ચા કરીશ.

**પ્રવૃત્તિ :**

-પાઠ્યપુસ્તકમાં આપેલા નકશાની મદદથી ગુજરાતમાં ભૂકંપનું જોખમ ધરાવતા જીલ્લાની યાદી બનાવો.

-ગુજરાતના નકશાના આધારે સંભવિત પૂરની શક્યતા ધરાવતા વિસ્તારોની યાદી બનાવો.

-તમારા ગામ કે શહેર માં પાણી ભરાતા હોય તેવા વિસ્તારોની યાદી બનાવો. તથા નિકાલની વ્યવસ્થા વિશે વડીલો પાસેથી જાણો.

**મૂલ્યાંકન :**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન
## ૧૮. સંચાર માધ્યમ અને જાહેરાત

**અધ્યયન નિષ્પતિ :**

7.31 સમાચારપત્રોના યોગ્ય ઉદાહરણો સાથે મીડિયાની કામગીરી સમજે છે.

7.32 જાહેરાત પત્રો બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-સંચારતંત્ર કે સંચાર માધ્યમ

-સંચારનાં સાધનો : ટપાલ પદ્ધતિ, ટેલિગ્રામ (તાર), પુસ્તકો, વર્તમાનપત્રો, રેડિયો, સિનેમા, ટેલિવિઝન, મોબાઇલ, ફોન, કૃત્રિમ ઉપગ્રહ (સેટેલાઇટ)

-સંચાર માધ્યમ અને ટેક્નોલોજી

-લોકશાહીમાં સંચાર માધ્યમ

-સંચાર માધ્યમનો વિવેકપૂર્ણ ઉપયોગ

-જાહેરાત

-જાહેરાતનાં માધ્યમો

-જાહેરાતના ફાયદા

-ગેરફાયદાઓ

- જાહેરાતથી સાવધાન

-જાહેરાતનાં સામાજિક મૂલ્યો

-જાહેરાત અને લોકશાહી

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્યપુસ્તક

-ટપાલ સેવાના નમૂના

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સંચારતંત્ર કે સંચાર માધ્યમ વિશે સમજૂતી આપીશ, ભૂતકાળમાં સંચાર નાં કેવા સાધનોનો ઉપયોગ થતો તે જણાવીશ. સંચારના સાધનોમાં ટપાલ પદ્ધતિ, ટેલિગ્રામ (તાર), પુસ્તકો, વર્તમાનપત્રો, રેડિયો, સિનેમા, ટેલિવિઝન, મોબાઈલ ફોન, કૃત્રિમ ઉપગ્રહ (સેટેલાઇટ) વિશે વિસ્તૃત સમજ આપીશ. સંચાર માધ્યમ અને ટેક્નોલોજી વિશે માહિતી આપીશ. લોકશાહીમાં સંચાર માધ્યમ કેવી રીતે ઉપયોગી છે તે અંગે જણાવીશ. સંચાર - માધ્યમોનો વિવેક-પૂર્ણ ઉપયોગ કેવી રીતે થવો જોઇએ તેની ચર્ચા કરીશ. જાહેરાત વિશે જણાવીશ. જાહેરાતના માધ્યમો જણાવી ચર્ચા કરીશ જાહેરાતના ફાયદા ગેરફાયદા જણાવીશ. જાહેરાત થી કઈ કઈ સાવધાની રાખવી જોઇએ? તેની ચર્ચા કરીશ. જાહેરાતનાં સામાજિક મૂલ્યો જણાવીશ. જાહેરાત અને લોકશાહી એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલા છે તે જણાવી ચર્તા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના

ઉત્તરો ની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

-દેશ-વિદેશ ની ટપાલ ટિકિટો એકત્રિત કરી આલબમ તૈયાર કરો.

-તમારા મિત્રને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા પોસ્ટકાર્ડ લખો.

-વર્ષ દરમિયાન તમે વાંચેલા પુસ્તકોની યાદી તૈયાર કરો.

-શિક્ષકની મદદથી મોબાઈલ ફોનમાં આવતી શૈક્ષણિક એપની યાદી બનાવો.

-ભારત દ્વારા અવકાશમાં તરતા મૂકવામાં આવેલ ઉપગ્રહોની યાદી બનાવો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
### ૭. ભક્તિયુગ : ધાર્મિક સમુદાયો અને વિચારકો

**અધ્યયન નિષ્પતિ :**

7.20 એવા પરિબળોનું વિશ્લેષણ કરે છે કે જેનાથી નવા ધાર્મિક વિચારો અને ચલવળોનો ઉદભવ થયો (ભક્તિ અને સૂફી )

7.21 પ્રવર્તમાન સામાજિક સ્થિતિ વિષે ભક્તિ અને સૂફી સંતોના પદોમાથી અનુમાન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-ભક્તિ અને સૂફી ચળવળ

-ભક્તિ અને સૂફી - આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ

-મુખ્ય સંતો અને તેમની વિચારધારા-ચર્ચા-પ્રશ્નોત્તરી

-સૂફી-આંદોલન

-ભક્તિ અને સૂફી-આંદોલન ની અસરો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

-સંતોના ફોટોગ્રાફ્સ ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભક્તિ અને સૂફી ચળવળ વિશે જણાવીશ. ભક્તિ અને સૂફી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ વિશે વિસ્તૃત જાણકારી આપીશ. મુખ્ય સંતોમાં શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, જયદેવ, ચૈતન્યમહાપ્રભુ, કબીર, ગુરુનાનક, તુલસીદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, જ્ઞાનેશ્વર, સંત સૂરદાસ, એકનાથ, તુકારામ, રૈદાસ વિશે જાણકારી આપીશ. તેમની વિચારધારા જણાવીશ. સૂફી- આંદોલનની જાણકારી આપીશ. ભક્તિ અને સૂફી આંદોલનની અસરો જણાવીશ. ચર્ચા-પ્રશ્નોત્તરી કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :**

-

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
### ૮. પ્રાદેશિક સંસ્કૃતિક ઘડતર

**અધ્યયન નિષ્પતિ :**

7.14 મધ્યયુગીન સમયગાળા દરમિયાન એકસાથે (અલગ-અલગ) થતી મુખ્ય ઐતિહાસિક પ્રગતિઓ દર્શાવે છે.

7.19 મંદિરો, કબરો અને મસ્જિદોનાં ઉદાહરણો દ્વારા વિશિષ્ટ શૈલી અને

ટેકનોલોજીથી બંધાયેલા સ્થાપત્યોનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-વિભિન્ન પ્રદેશોના ભિન્નતા

- ભારતમાં પ્રાંતીય ભાષાઓનો વિકાસ

• મલયાલમ • બંગાળી • ગુજરાતી

-ભારતના ઉત્સવો: જગન્નાથ રથયાત્રા, હોળી, લઠ્ઠમાર હોળી - બરસાના લોહડી (પંજાબ) પોંગલ, ઓણમ, દિવાળી દુર્ગાપૂજા, નાતાલ,મોહરમ ઇદ, પતેતી, ચેટીચાંદ

-ગુજરાતના ઉત્સવો

-નવરાત્રી, ઉત્તરાયણ, રથયાત્રા, મેળાઓ

-ભારતનાં મુખ્ય શાસ્ત્રીય નૃત્યો : કથક, કથકલી, મણિપુરી, ભારતનાટ્યમ્ કુચીપુડી, બિહુ

-ચિત્રકલા : લઘુચિત્રોની પરંપરા

-ચિત્રની શૈલી (ધરાના વિસ્તાર અને આશ્રયદાતા આધારિત)

-રાજપૂતોની વીરતાભરી ગાથા

-પીર અને પાળીયા

-મંદિરો : નાગરશૈલી, દ્રવિડ શૈલી,વેસર શૈલી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

-ચાર્ટસ ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વિભિન્ન પ્રદેશોની ભિન્નતા જણાવીશ. ભારતમાં પ્રાંતીય ભાષાઓના વિકાસ માં મલયાલમ, બંગાળી, ગુજરાતી ભાષાના ઉદ્ભવ વિશે વિસ્તૃત માહિતિ આપીશ. આ ભાષાઓના રચાયેલા ગ્રંથોની જાણકારી આપીશ. ભારતના ઉત્સવો માં જગન્નાથ રથયાત્રા, હોળી, લઠ્ઠમાર હોળી બરસાના લોહડી (પંજાબ), પોંગલ, ઓણમ, દીવાળી, દુર્ગાપૂજા, નાતાલ, મોહરમ, ઇદ, પતેતી, ચેટીચંડ(ચેટીચાંદ) વિશે વિસ્તૃત જાણકારી આપીશ. વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-પ્રશ્નોત્તરી કરીશ. ગુજરાત ના ઉત્સવો નવરાત્રી, ઉત્તરાયણ, રથયાત્રા, મેળાઓ વિશે જાણકારી આપી ચર્ચા કરીશ. ભારતનાં મુખ્ય શાસ્ત્રીય નૃત્યોમાં કથક, કથકલી, મણિપુરી, ભરતનાટ્યમ્, કુચીપુડી, બિહુ વિશે વિસ્તૃત જાણકારી આપીશ. ચિત્રકલા ના વિકાસ વિશે જણાવીશ. ચિત્રની શૈલી (ધરા) ના વિસ્તાર અને આશ્રયદાતાઆધારિત કલા વિશે જાણકારી આપીશ. રાજપૂતોની વીરતાભરી ગાથાઓ કહી સંભળાવીશ. પીર અને પાળીયા વિશે જણાવીશ. મંદિરો માં નાગર શૈલી, દ્રવિડ શૈલી, વેસર શૈલીના બાંધકામના મંદિરો વિશે જણાવીશ. ચર્ચા કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે.

**પ્રવૃત્તિ :**

- કવિઓની રચના વિશેની નોંધપોથી બનાવો.

- તમે ઉજવણી કરતાં હોય તેવા તહેવાર વિશેની માહિતિનું એકત્રીકરણ કરો.

- તમારા વિસ્તારમાં યોજાતા મેળા વિશેની જાણકારી મેળવો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**૧૯. બજાર**

**અધ્યયન નિષ્પતિ :**

7.33 વિવિધ પ્રકારના બજારો વચ્ચે તફાવત સમજે છે.

7.34 વિવિધ બજારોમાં કે સ્થળોએ કેવી રીતે માલ પહોચાડવામાં આવે છે તે જાણે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- બજારની સમજ
- પાઠ્ય પુસ્તક
- મહોલ્લા બજાર
- ગુજરી કે સાપ્તાહિક બજાર
- શોપિંગ કોમ્પલેક્ષ અને મોલ
- નિયંત્રિત બજાર (માર્કેટિંગ યાર્ડ) APMC
- ઓનલાઇન બજાર
- બજારની આજુબાજુ
- બજારમાં સમાનતા
- બજારમાં ગ્રાહક
- ગ્રાહકનો ખ્યાલ
- ગ્રાહકના અધિકારો
- પ્રમાણિત ચીજવસ્તુની નિશાની (લોગો)
- ગ્રાહકનો હક અને ફરજ

• ગ્રાહકોના અધિકારો :

૧.સલામતીનો અધિકાર.
૨.માહિતી મેળવવાનો અધિકાર
૩. પસંદગી કરવાનો અધિકાર
૪. રજૂઆત કરવાનો અધિકાર
૫. ફરિયાદ નિવારણનો અધિકાર
૬. ગ્રાહક શિક્ષણ મેળવવાનો અધિકાર

-ગ્રાહકની ફરજો
-ઉત્પાદનથી બજાર સુધીની યાત્રા-ખમીસ - કાપડ ઉત્પાદનની પ્રક્રિયા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
-ચાર્ટસ ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને બજારની સમજ સ્પષ્ટ કરીશ. બજારના પ્રકારમાં મહોલ્લા બજાર, ગુજરી કે સાપ્તાહિક બજાર, શોપિંગ કોમ્પલેક્ષ અને મોલ, નિયંત્રિત બજાર (માર્કેટીંગ યાર્ડ), APMC ઓનલાઈન બજાર વિશે માહિતિ આપીશ. બજારની આજુબાજુ મળતી વસ્તુઓનું ઉત્પાદન કેવી રીતે થાય છે તે ઉદા. દ્વારા સમજાવીશ. બજારમાં સમાનતા કેવી રીતે જોવા મળે તે અંગે ચર્ચા કરીશ. ગ્રાહકનો ખ્યાલ સ્પષ્ટ કરીશ. ગ્રાહકના અધિકારો જણાવીશ. પ્રમાણિત ચીજવસ્તુની નિશાની (લોગો)ની સમજ આપીશ. ચર્ચા કરીશ ગ્રાહકના હક અને ફરજો વિશે માહિતિ આપીશ. ગ્રાહકના અધિકારોમાં સલામતીનો અધિકાર, માહિતી મેળવવાનો અધિકાર પસંદગી કરવાનો અધિકાર, રજૂઆત કરવાનો અધિકાર, ફરિયાદ નિવારણનો અધિકાર, ગ્રાહક શિક્ષણ મેળવવાનો અધિકાર વિશે વિસ્તૃત ચર્ચા કરીશ. ગ્રાહકની ફરજો જણાવી ચર્ચા કરીશ. કપાસના જીવનચક્ર દ્વારા ખમીસ કેવી રીતે બજારમાંથી મળે છે તે પ્રક્રિયા સમજાવીશ. કાપડ ઉત્પાદનની પ્રક્રિયા ની ચર્ચા કરીશ, ચર્ચા-પ્રશ્નોત્તરી કરીશ, સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

- ઓનલાઇન શોપિંગ પ્રક્રિયા શિક્ષકકે તમારા ઘરના સભ્ય પાસેથી જાણો.

- તમે રોજબરોજ વપરાશમાં લેતા હોય તેવી ખાદ્ય ચીજોની પ્રમાણિતતા દર્શાવતી નિશાનીનાં રેપર એકઠાં કરી પોથી તૈયાર કરો.

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**માર્ચ માસનું પાઠ આયોજન**
**૯. અઢારમી સદીના રાજકીય શાસકો**

**અધ્યયન નિષ્પતિ :**

7.18 જુદા જુદા શાસકોની નીતિઓની સરખામણી કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મુઘલવંશના અંતિમ શાસકો
- પાઠ્ય પુસ્તક
- બંગાળ
- પ્લાસીનું યુદ્ધ
- રાજપૂત શાસન
- શીખ સામ્રાજ્ય
- મરાઠા સામ્રાજ્ય
- પાણીપતનું ત્રીજું યુદ્ધ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને મુઘલવંશના અંતિમ શાસકો વિશે જણાવીશ. તે વિશે વિસ્તૃત ચર્ચા કરીશ. બંગાળ રાજ્ય વિશે જણાવીશ.પ્લાસીના યુદ્ધ ની માહિતિ આપીશ. ઇસ્ટ ઇન્ડિયા કંપની ના શાસનની સ્થાપના વિશે. જણાવીશ. રાજપૂત શાસનની સ્થાપના વિશે જણાવીશ. રાજપૂત શાસનના રાજ્યોતથા શાસકો વિશે જણાવી ચર્ચા કરીશ. શીખ સામ્રાજ્યની સ્થાપના તથા ગુરૂનાનક વિશે વિસ્તૃત માહિતિ આપીશ. મરાઠા સામ્રાજ્યની સ્થાપના અને છત્રપતિ શિવાજી વિશે વિસ્તૃત માહિતિ આપીશ. પાણીપતના ત્રીજા યુદ્ધવિશે જણાવી ચર્ચા કરીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિ.ઓ. પ્રશ્નોના ઉત્તરો લખશે.

**પ્રવૃત્તિ :**

-

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**માર્ચ માસનું પાઠ આયોજન**
**૧૪. સંસાધનોનું જતન અને સંરક્ષણ**

**અધ્યયન નિષ્પતિ :**

7.8 વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિમાં વિવિધતાના કારણો જાણે છે.

7.10 કુદરતી સ્રોતોના સંરક્ષણની જરૂરિયાત પ્રત્યે સંવેદનશીલ બને છે.

7.11 વિશ્વ અને ભારતના વિવિધ આબોહવાકીય પ્રદેશો અને તેમાં રહેતા લોકોના જીવન વચ્ચેના આંતરિક સંબંધને મૂલવે છે.

7.12 વિશિષ્ટ પ્રદેશોના વિકાસને અસર કરતાં પરિબળોનું વિશ્લેષણ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-સંસાધન

-સંસાધનોના પ્રકાર કુદરતી અને માનવ સર્જિત સંસાધન

-સંસાધનનું વર્ગીકરણ
-ભૂમિ-સંસાધન
-જમીન નિર્માણ
-જમીનના પ્રકાર
-જમીનનું ધોવાણ અને સરક્ષણ
-જમીનનું ધોવાણ અટકાવવાના ઉપાયો
-ભૂમિ સંરક્ષણ
-જળ-સંસાધન
-જળતંગી
-જળ સંસાધનોની જાળવણી અને વ્યવસ્થાપન
-ખનીજ સંસાધન
-ખનીજ સંરક્ષણ
-વન અને વન્યજીવ સંસાધન
-જંગલોનું મહત્વ
-વન (જંગલો)નો નાશ
-વન સંરક્ષણના કેટલાક ઉપાયો
- વન્ય જીવ સંસાધન
-ભારતના પ્રાણીઓ
-લુપ્ત થતું વન્યજીવન
-વન્યજીવન સંરક્ષણ
-વન્યજીવ સંરક્ષણ માટેના કાયદાકીય પગલાઓ
-રણપ્રદેશનનું જીવન
૧.સહરાનું ગરમરણ
-વનસ્પતિ અને પ્રાણીજગત
-લોકોનું જીવન
૨.લદ્દાખનું રણ - વનસ્પતિ અને પ્રાણીજગત
-લોકોનું જીવન
૩.કચ્છનું રણ -લોકોનું જીવન
- વનસ્પતિ અને પ્રાણીજગત

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને “સંસાધન" વિશેની સમજ કેળવીશ. સંસાધન વિશે જણાવી તેના પ્રકાર કુદરતી અને માનવનિર્મિત સંસાધનો વિશે વિસ્તૃત જાણકારી આપીશ. ભૂમિ સંસાધનમાં જમીન નિર્માણ, જમીનના પ્રકાર, જમીનનું ધોવાણ અને સંરક્ષણ તથા જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવીશ. ચર્ચા તથા પ્રશ્નોત્તરી કરીશ. ભૂમિ સંરક્ષણ વિશે ચર્ચા કરીશ. જળ સંસાધન વિશે માહિતિ આપીશ. જળતંગીથી શી મુશ્કેલી સર્જાય તે અંગે જણાવીશ. જળ-સંસાધનોની જાળવણી અને વ્યવસ્થાપન વિશે. જણાવીશ ખનીજ સંસાધન વિશે જણાવીશ. ખનીજ સંરક્ષણ વિશે જણાવી ચર્ચા કરીશ. વન અને વન્યજીવ સંસાધનમાં જંગલોનું મહત્વ જણાવીશ. ચર્ચા કરીશ. વન સંરક્ષણમાં જંગલોનો નાશ વિશે તથા વન-સંરક્ષણના કેટલાક ઉપાયો વિશે જણાવીશ. ચર્ચા કરીશ. વન્યજીવ સંસાધનમાં ભારતના પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓનો ખ્યાલ આપીશ. લુપ્ત થતું વન્યજીવનમાં જે પ્રાણીઓ લુપ્ત થયેલ છે, અમુક પ્રાણીઓ લુપ્ત થવાનાં આરે છે. તે વિશે માહિતિ આપીશ. વન્યજીવન સંરક્ષણ તથા વન્યજીવ સંરક્ષણ માટેના પગલાઓ જણાવીશ, રણપ્રદેશનું જીવનમાં સહારાના ગરમરણની ભૌગોલિક પરિસ્થિતિ વિશે જણાવીશ. ત્યાંના વનસ્પતિઅને પ્રાણીજગત વિશે માહિતિ આપીશ. સહરાના રણના લોકોનું લોકજીવન વિશે જણાવીશ. લદ્દાખનું રણ વિશેની ભૌગોલિક પરિસ્થિતિ જણાવીશ. ત્યાંના વનસ્પતિ અને પ્રાણીજગત

વિશેની માહિતી આપીશ. લોકોનું જીવન વિશે જણાવીશ. કચ્છના રણ વિશેની ભૌગોલિક પરિસ્થિતિ જણાવીશ ત્યાંના વનસ્પતિ અને પ્રાણીજગત વિશે માહિતિ આપીશ. લોકોના જીવન વિશે જણાવીશ. સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃત્તિ :**

- વિવિધ પ્રકારના જમીનના નમૂના એકત્ર કરી તેનું પ્રદર્શન ગોઠવવું.

- તમારી આજુબાજુનાં સિંચાઈ માંધ્યમોની યાદી બનાવો

- તમારી આસપાસ થતી વનસ્પતિની યાદી બનાવો આ વનસ્પતિ તમને કઈ-કઈ રીતે ઉપયોગી છે તે નોંધો.

- કચ્છના સફેદ રણની નીચે મુજબની માહિતિનું એકત્રીકરણ કરો.

• ભૌગોલિક પરિસ્થિતિ
• વનસ્પતિ અને પ્રાણીજીવન
• લોકોનું જીવન
• જોવાલાયક સ્થળો

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

શિક્ષણ સાગર